જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓ આત્મઘાતી હુમલાની ફિરાકમાં

સરહદ પાર પણ આતંકવાદીઓની મોટાપાયે હલચલ જોવા મળી ચુકી : જેશ લીડર મસુદ અઝહરનો ભાઇ પોકમાં દેખાયો : સુરક્ષા જવાનોની બાજ નજર

ખીણમાં ૨૭૦થી પણ વધારે ત્રાસવાદી સક્રિય છે

જમ્મુ કાશ્મીરમાં હજુ પણ મોટા પાયે ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે. ઈન્ટેલિજન્સને મળેલી માહિતી મુજબ આ સમય કાશ્મીર ખીણમાં ૨૭૫થી વધારે ત્રાસવાદીઓ સક્રિય થયેલા છે. આટલી સંખ્યામાં ત્રાસવાદીઓની હાજરી ખતરનાક સંકેત આપે છે. બીજી બાજુ બીજા ૨૦૦ ત્રાસવાદીઓ પાકિસ્તાન તરફથી ઘુસણખોરી કરવા માટેની તૈયારીમાં છે. ત્રાસવાદીઓની પાસે લોંચ પેડ પણ રહેલા છે. જેમની સંખ્યા ૧૪થી ૧૬ જેટલી આંકવામાં આવી છે. જે લોંચ પેડ મારફતે ત્રાસવાદીઓ ઘુસણખોરી કરી શકે છે.

જમ્મુ કાશ્મીરમાં વધારાના સુરક્ષા જવાનોની તૈનાતી અને હવે અમરનાથ યાત્રા ટુંકાવી દેવાના નિર્ણયના કારણે ખીણથી લઈને દિલ્હી સુધી જોરદાર રાજકીય હલચલ જોવા મળી રહી છે. કેન્દ્ર સરકાર અને જમ્મુ કાશ્મીરના રાજ્યપાલ હાલમાં તમામ પ્રકારની અટકળોને ફગાવી રહ્યા છે. જો કે કોઈ મોટા ઘટનાક્રમના સંકેત ચોક્કસપણે મળી રહ્યા છે. સરકારને એકાએક અમરનાથના શ્રદ્ધાળુઓ અને પ્રવાસીઓને પરત ફરવા માટેની સુચના કેમ આપવી પડી તેને લઈને ભારે સસ્પેન્સની સ્થિતિ છે. માછીલ યાત્રાને બંધ કરવાની ફરજ પડી છે. શ્રદ્ધાળુઓ પરત ફરી રહ્યા છે. સુત્રોના કહેવા મુજબ આ પગલા ઈન્ટેલિજન્સને ખુબ નક્કર પુરાવાના આધાર પર લેવામાં આવ્યા છે. ઈનપુટના કહેવા મુજબ ત્રાસવાદીઓ ખીણમાં મોટા આત્મઘાતી હુમલા કરવાની તૈયારીમાં છે. સરહદ પારથી ત્રાસવાદીઓની જોરદાર હિલચાલ જોવા મળી રહી છે. જેશે મોહમ્મદના લીડર મુસદ અઝહરનો મોટો ભાઈ પણ પાકિસ્તાન કબજા હેઠળના કાશ્મીરમાં દેખાયો છે. જેથી ચિંતા વધી ગઈ છે. અમરનાથ યાત્રા માર્ગ પર પાકિસ્તાનમાં બનેલી સુરંગ મળી આવ્યા બાદ સુરક્ષા જવાનોના કાન ઉભા થઈ ગયા છે. અમેરિકી સ્નાઈપર પણ મળી છે. સુરક્ષા દળોને હાલમાં એલર્ટ રાખવામાં આવ્યા છે. પાકિસ્તાન દ્વારા હાલમાં વારંવાર યુદ્ધવિરામનો ભંગ કરીને ગોળીબાર કરવામાં આવ્યો હતો. ગોળીબાર કરીને ત્રાસવાદીઓને ભારતમાં ઘુસાડી દેવાની યોજના છે. ત્રાસવાદીઓને ઘુસાડી દેવાની યોજનામાં સફળ પણ રહ્યા છે. સુત્રોની વાત માનવામાં આવે તો ત્રાસવાદીઓ પહેલા સાઉથ ઓફ પીર પંજાલમાંથી ઘુસણખોરી કરતા હતા જ્યારે આ વખતે તેઓ નોર્થ ઓફ પીર પંજાલમાંથી ઘુસણખોરી કરી રહ્યા છે.

પાકિસ્તાને સરહદ પાર પોતાના વિસ્તારમાં કેટલાક બંકરો પણ બનાવી લીધા છે. પાકિસ્તાની સેનાએ ફોરવર્ડ એરિયામાં જવાનોની સંખ્યાને વધારી દીધી છે. સરહદ પર અઝહરનો ભાઈ હાલમાં ફરી રહ્યો છે. મસુદ અઝહરનો ભાઈ ઈબ્રાહિમ અઝહર દેખાયો છે.

સોપોરેમાં ત્રાસવાદીઓ સાથે અથડામણ

જમ્મુ કાશ્મીરના બારામુલ્લા અને શોપિયન જિલ્લામાં બે જુદી જુદી અથડામણ થઈ છે. જેમાં કુખ્યાત ત્રાસવાદી અને ઓપરેશન ઓલઆઉટ ની યાદીમાં રહેલો જેશ કમાન્ડર જીનત નાયક ઠાર થયો છે. તેની પાસેથી મોટી માત્રામાં વિસ્ફોટક જપ્ત કરવામાં આવ્યા છે. જીનત નાયકુ પોતાના સાથીના આવાસમાં છુપાયો હતો. જ્યાં તેને ઠાર કરી દેવામાં આવ્યો છે. જીનત અનેક ત્રાસવાદી હુમલામાં સામેલ હતો. તે એ ડબલ પ્સની યાદીમાં હતો. જેશના કમાન્ડરોને સતત ઠાર કરવામાં આવી રહ્યા છે. બીજી બાજુ બારામુલ્લા જિલ્લામાં સુરક્ષા દળો અને ત્રાસવાદીઓ વચ્ચે ભીષણ અથડામણ થઈ છે. આ અથડામણમાં મોટી સંખ્યામાં ત્રાસવાદીઓ ઠાર થયા છે. જો કે આ વિસ્તારમાં સેનાનુ ઓપરેશન જારી રહ્યુ છે.

કાશ્મીર મુદ્દે સંસદમાં નિવેદનની ઉંમર અબ્દુલ્લાની ઉગ્ર માંગ

શ્રીનગર, તા. ૩

જમ્મુ કાશ્મીરમાં વધી રહેલા ઘટનાક્રમ વચ્ચે રાજનીતિક હિલચાલ તીવ્ર વધી ગઈ છે. શનિવારે પૂર્વ મુખ્યમંત્રી ઉમર અબ્દુલ્લા પ્રતિનિધિમંડળ સાથે રાજ્યપાલને મળવા પહોંચ્યા હતા. ઉંમરે કહ્યું હતું કે રાજ્યમાં ૩૭૦, ૩૫-એ અથવા પરિસીમન પર કોઈ નિર્ણય થિ રહ્યો નથી. ઉંમર અબ્દુલ્લાએ માંગ કરી હતી કે, આ મામલે દેશની સંસદ દ્વારા જવાબ આપવો જોઈએ. અત્રે ઉલ્લેખનીય છે કે, આ પહેલા પીડીપીના નેતા મહેબુબા મુફતીએ પણ શુક્રવારે રાત્રે રાજ્યપાલની મુલાકાત લીધી હતી. રાજ્યપાલે રાજનીતિક પાર્ટીઓની અફવાને ધ્યાનમાં ન લેવા અપીલ કરી હતી. રાજ્યપાલ સાથે મિટિંગ કર્યા બાદ ઉંમર અબ્દુલ્લાએ કહ્યું હતું કે, અમે ઓફિસરોને પુછીએ છીએ શું થઈ

રહ્યું છે તો તેઓ કહે છે કે, કંઈ થઈ રહ્યું છે પરંતુ શું થઈ રહ્યું છે તેની કોઈ માહિતી તેમને પણ નથી.

આ અસ્પષ્ટતા બાદ અમે રાજ્યપાલને મળવાનો નિર્ણય કર્યો હતો. ઉંમરે કહ્યું હતું કે, રાજ્યપાલે અમને ખાતરી આપી છે કે,કોઈપણ પ્રકારની તૈયારી થઈ રહી નથી. સાથે સાથે રાજ્યપાલે એમ પણ કહ્યું છે કે, ૩૫-એ સાથે કોઈ છેડછાડની તૈયારી કરાઈ રહી નથી. આ ઘટનાક્રમ વચ્ચે પીડીપી પણ બેઠક બોલાવી છે. પીડીપી નેતા મહેબુબા મુફતીએ કહ્યું હતું કે ખીણમાં અરાજકતાનો માહોલ છે. કેન્દ્ર સરકારે હાલના કારણો અંગે કોઈ સ્પષ્ટતા કરી નથી. મહેબુબાએ કહ્યું છે કે, અમે આજે બડગામમાં પાર્ટી કાર્યકરો સાથે મુલાકાત કરીશું અને જમ્મુ કાશ્મીરના વિશેષ સંવૈધાનિક પ્રવધાનો અંગે જાગૃકતા ફેલાવવાના પ્રયાસ કરીશું.

સુરત, વડોદરા અને ભરૂચમાં એલર્ટ

અતિ ભારે વરસાદ લીધે દક્ષિણ ગુજરાતમાં પૂરની સ્થિતિ રાજ્યમાં સિઝનનો સરેરાશ પર ટકાથી વધુ વરસાદ થયો

આજે દક્ષિણ ગુજરાતમાં ઓલપાડ, સુરત, ઉમરગામ, ભરૂચ સહિતના પંથકોમાં બારેમેઘ ખાંગા થયા હતા. ખંભાત, ઓલપાડ, ઉમરગામ સહિતના પંથકોમાં ૧૪-૧૫ ઈંચ સુધીનો અતિ ભારે વરસાદ ખાબકતાં આટલા ભારે વરસાદ વચ્ચે ગુજરાત સરકારે વડોદરા, સુરત, ભરૂચમાં આગામી ૩૬ કલાક સુધી હાઈ એલર્ટ જાહેર કરી પ્રજાજનોને ભોજન-પાણી સહિતની જીવન જરૂરી ચીજવસ્તુઓનો સંગ્રહ કરવાની સલાહ માર્ગદર્શિકા જારી કરી છે. બીજીબાજુ, હવામાન વિભાગ દ્વારા પણ, આગામી બે દિવસમાં ગુજરાતના મોટાભાગના વિસ્તારોમાં ભારેથી અતિ ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. નવસારીની અંબિકા નદીમાં ઘોડાપૂર આવતાં બારડોલી-વાંસદા સ્ટેટ હાઈવે બંધ કરવામાં આવ્યો હતો. આ સિવાય પણ દક્ષિણ ગુજરાતની મોટાભાગની નદીઓ બે કાંઠે અને પૂરની સ્થિતિમાં જોવા મળી હતી. સ્ટેટ ઈમર્જન્સી ઓપરેશન સેન્ટરના વરસાદના આંકડા મુજબ, આજે સવારના છ વાગ્યાથી બપોરના બે વાગ્યા સુધીમાં સુરતના ઓલપાડમાં ૩૦૧ મિમિ એટલે કે ૧૨ ઈંચ, આણંદના ખંભાતમાં ૩૩૭ મિમિ એટલે કે ૧૩.૫ ઈંચ, જ્યારે સુરતના ઉમરપાડામાં ૨૧૦ મિમિ એટલે કે ૮ ઈંચ વરસાદ ખાબક્યો હતો. જેમાં ખંભાતમાં બપોરના ૧૨ વાગ્યાથી ૨ વાગ્યા સુધીમાં જ ૧૭૯ મિમિ એટલે કે બે કલાકમાં જ ૭ ઈંચ વરસાદ પડ્યો હતો. જ્યારે સુરતના ઓલપાડમાં સવારના ૮ થી ૧૦ વાગ્યાના માત્ર બે કલાકના ગાળામાં જ ૨૦૯ મિમિ એટલે કે ૮ ઈંચથી વધુ વરસાદ પડ્યો હતો. એ પછીના કલાકોમાં આ તમામ વિસ્તારો અને પંથકોમાં વરસાદનું જોર વધ્યુ હતુ અને તે પંદર ઈંચ સુધી સરેરાશ નોંધાયો હતો. જેના કારણે આ વિસ્તારોમાં પૂરની સ્થિતિ ઉભી થઈ હતી. આ ઉપરાંત ધરમપુરમાં ૧૩૭ મિમિ, વઘઈ, ૧૩૩ મિમિ, હાંસોટ ૧૨૫ મિમિ, વાપી ૧૨૦ મિમિ, માંગરોળમાં ૧૧૬ મિમિ, કામરેજમાં ૧૧૫ મિમિ, કપરાડામાં ૧૧૫ મિમિ, સુરત શહેરમાં ૧૧૪ મિમિ અને કપડવંજમાં ૧૦૧ મિમિ વરસાદ વરસ્યો હતો. રાજ્યના જળ સંપત્તિ વિભાગ મુજબ, રાજ્યમાં અત્યાર સુધીમાં સરેરાશ ૫૨ ટકાથી વધુ વરસાદ વરસ્યો હતો.

રાજ્ય સરકારના ૧૯ હજાર કર્મીને ૧૨ ટકા મોંઘવારી ભથ્થું

ગાંધીનગર, તા.૩

રાજ્ય સરકારે સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ પેન્શનરોના મોંઘવારી ભથ્થામાં વધારો કરવાનો નિર્ણય લીધો છે. છઠ્ઠા પગાર પંચ મેળવતા રાજ્ય સરકારના ૧૯ હજાર અધિકારીઓ અને કર્મચારીને કુલ ૧૨ ટકા મોંઘવારી ભથ્થાનો લાભ આપવામાં આવશે. આ નિર્ણય બાદ સરકાર ઉપર વાર્ષિક ૪૧.૯૩ કરોડનું વધારાનું ભારણ પડશે. અધિકારીઓ અને કર્મચારીને આ મોંઘવારી ભથ્થું ઓગસ્ટ-૨૦૧૯ના પગાર સાથે ચુકવવામાં આવશે. આ અંગે નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલે જણાવ્યું હતું કે, છઠ્ઠું પગાર પંચ મેળવતાં રાજ્ય સરકારના ૧૯,૩૫૯ અધિકારીઓ-કર્મચારીઓ અને પેન્શનરોને તા.૧.૭.૨૦૧૮ થી ૬ ટકા તથા તા.૧.૧.૨૦૧૯થી વધુ ૬ ટકા મળી કુલ ૧૨ ટકા મોંઘવારી ભથ્થું આપવાનો રાજ્ય સરકારે નિર્ણય કર્યો છે. આ મોંઘવારી ભથ્થુ ઓગસ્ટ-૨૦૧૯ના પગાર સાથે ચુકવવામાં આવશે. જેનાથી રાજ્ય સરકાર ઉપર વાર્ષિક રૂ. ૪૧.૯૩ કરોડનું વધારાનું ભારણ પડશે. નીતિન પટેલે વધુમાં ઉમેર્યું કે, મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સરકારી કર્મચારીઓ માટે અનેકવિધ નિર્ણયો કર્યા છે, જેના ભાગરૂપે આજે ચર્ચા-વિચારણા કરાયા બાદ આ નિર્ણય કરાયો છે. રાજ્ય સરકારના ૭૭૪૨ કર્મચારીઓ અને ૧૧૬૧૭ પેન્શનરો મળી, અંદાજીત કુલ ૧૯,૩૫૯ અધિકારીઓ-કર્મચારીઓ અને પેન્શનરોને રાજ્ય સરકારે છઠ્ઠા પગાર પંચના લાભો મંજૂર કર્યા છે, જે મુજબ હાલમાં પગાર તથા પેન્શન ચુકવવામાં આવે છે. રાજ્ય સરકાર દ્વારા હાલમાં છઠ્ઠા પગાર પંચનો લાભ અંદાજીત ૧૯ હજાર જેટલા કર્મચારીઓ-અધિકારીઓ આપવામાં આવી રહ્યો છે. ભારત સરકાર દ્વારા તા.૧.૭.૨૦૧૮ થી ૬ ટકા તથા તા.૧.૧.૨૦૧૯થી વધુ ૬ ટકા મોંઘવારી ભથ્થુ મંજૂર કરાયુ છે. છઠ્ઠા પગાર પંચ મેળવતાં રાજ્ય સરકારના અધિકારીઓ તથા કર્મચારીઓને તેમના પગાર ઉપરાંત અત્યારે ૧૪૨ ટકા મોંઘવારી ભથ્થું ચુકવવામાં આવી રહ્યું છે. ભારત સરકારે પણ તા.૧.૭.૨૦૧૮થી વધુ ૬ ટકા તથા તા.૧.૧.૨૦૧૯થી વધુ ૬ ટકા મોંઘવારી ભથ્થુ કેન્દ્ર સરકારના કર્મચારીઓ માટે જાહેર કર્યું છે, જે સંદર્ભે છઠ્ઠા પગાર પંચ પ્રમાણે પગાર-પેન્શન મેળવતાં રાજ્ય સરકારના અધિકારીઓ તથા કર્મચારીઓને પણ કેન્દ્રના ધોરણે તા.૧.૭.૨૦૧૮થી ૬ ટકા તથા તા.૧.૧.૨૦૧૯થી ૬ ટકા મળી કુલ ૧૨ ટકા મોંઘવારી ભથ્થું ચુકવવાનો નિર્ણય કર્યો છે અને ઓગસ્ટ-૨૦૧૯ના પગારની ચુકવણી સાથે કુલ ૧૨ ટકા મોંઘવારી ભથ્થાનો વધારો તા.૧.૭.૨૦૧૮થી ૬ ટકા પ્રમાણે તથા તા.૧.૧.૨૦૧૯થી વધુ ૧૨ ટકા ગણીને, ઓગસ્ટ-૨૦૧૯ના પગાર સાથે તેનું રોકડમાં ચુકવણું કરવામાં આવશે. આ નિર્ણયના કારણે રાજ્ય સરકાર ઉપર વાર્ષિક અંદાજે રૂ.૪૧.૯૩ કરોડ જેટલું ભારણ વધશે.

પ્રભાત પ્રિન્ટીંગ પ્રેસવાળા પ્રવિણચંદ્ર પંડ્યાનું અવસાન

વિસનગર, તા. ૩

વિસનગર તાલુકાના ઉમતા ગામના વતની અને વિસનગરમાં જ્યોતિ હોસ્પિટલની સામે વર્ષોથી પ્રભાત પ્રિન્ટીંગ પ્રેસ ધરાવતા પ્રવિણચંદ્ર નારાયણદાસ પંડ્યાનું ગત શુક્રવારના રોજ ટુંકી બિમારી બાદ જૈફવયે અવસાન થયુ છે. સ્વર્ગસ્થ માયાળુ, પરોપકારી અને સરળ સ્વભાવના પરિવારના મોભી હતી. જેમના અવસાનથી તેમના પરિવાર તથા ઉમતાના પંડ્યા પરિવારમાં ક્યારેય ન પુરાય તેવી મોટી ખોટ પડી છે. સ્વર્ગસ્થ તેમની પાછળ બહોળો પરિવાર વિલાપ કરતા મુકી ગયા છે. સ્વર્ગસ્થના આત્માને પ્રભુ ચિર શાંતિ આપે તેવી પ્રચાર સાપ્તાહિકે પરિવારની પ્રાર્થના. સદ્‌ગતનું બેસણુ તા. ૪-૮-૧૯ને રવિવારના રોજ સમય સવારે ૮.૦૦ થી બપોરે ૧.૦૦ કલાક સુધી તેમના નિવાસસ્થાને બ્રાહ્મણચકલા વાડી, ઉમતા મુકામે રાખવામાં આવ્યું છે.

સ્પંદના સ્ફૂર્તિ ફાઇનાન્શિયલ લિમિટેડ : આઇપીઓ ૫ ઓગષ્ટનાં રોજ ખુલશે

પ્રાઇસ બેન્ડ ઇક્વિટીશેર દીઠ રૂ. ૮૫૩ થી રૂ. ૮૫૬

ભારતમાં વિવિધ વિસ્તારોમાં કાર્યરત ગ્રામીણ વિસ્તારોમાં કેન્દ્રિત એનબીએફસી-એમએફઆઈ સ્પંદના સ્ફૂર્તિ ફાઈનાન્શિયલ લિમિટેડ (''કંપની'') ૫ ઓગષ્ટ, ૨૦૧૯નાં રોજ એનાં ઈક્વિટી શેરની ઈનિશિયલ પબ્લિક ઓફર (''આઈપીઓ'') લાવશે. ઓફરમાં રૂ. ૪,૦૦૦,૦૦ મિલિયનનાં ફ્રેશ ઈક્વિટી શેર (''ફ્રેશ ઈશ્યૂ'') અને ૯,૩૫૬,૭૨૫ ઈક્વિટી શેરના વેચાણની ઓફર, કાંગ્ચેન્જુંગા લિમિટેડનાં ૫,૯૬૭,૦૯૭ ઈક્વિટી શેર (''કોર્પોરેટ પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર'') પદ્મજા ગાંગીરેડ્ડીનાં ૧,૪૨૩,૧૧૪ ઈક્વિટી શેર (''ઈન્ડિવિડ્યુઅલ પ્રમોટર સેલિંગ શેરહોલ્ડર''), વિજય સિવા રામી રેડ્ડી વેન્ડીદાંડી (''વીએસઆરઆરવી'')નાં ૭૯૬,૫૦૯ ઈક્વિટી શેર, વેલિઅન્ટ મોરેશિયસ પાર્ટનર્સ એફડીઆઈ લિમિટેડ (''વેલિઅન્ટ'')નાં ૭૮૩,૭૪૭ ઈક્વિટી શેર, હેલિયોન વેન્ચર પાર્ટનર્સ II, એલએલસી (''હેલિયોન II'')નાં ૧૩૨,૮૩૧ ઈક્વિટી શેર, કેદારા કેપિટલ અલ્ટરનેટિવ ઈન્વેસ્ટમેન્ટ ફંડ-કેદાર કેપિટલ એએલએફ I (''કેદારા એઆઈએફ આઈ'')નાં ૧૨૯,૭૩૨ ઈક્વિટી શેર અને હેલિયોન વેન્ચર પાર્ટનર્સ, એલએલસી (''હેલિયોન'')નાં ૧૨૩,૬૯૫ ઈક્વિટી શેર (સંયુક્તપણે ''ઈન્વેસ્ટર સેલિંગ શેરહોલ્ડર્સ'')નાં વેચાણની ઓફર સામેલ છે.) બિડ/ઓફર ૭ ઓગષ્ટ, ૨૦૧૯નાં રોજ બંધ થશે. બિડ લઘુત્તમ ૧૭ ઈક્વિટી શેરનાં લોટમાં અને પછી ૧૭ ઈક્વિટી શેરનાં ગુણાંકમાં થઈ શકશે. એન્કર ઈન્વેસ્ટર બિડ/ઓફરનાં ગાળો બિડ/ઓફર ખુલવાની તારીખનાં ૧ (એક વર્કિંગ ડે અગાઉ એટલે કે ૨ ઓગષ્ટ, ૨૦૧૯નાં રોજ થશે.

નિયામકશ્રી નિર્દિષ્ટ વિસ્તાર કચેરી, ગાંધીનગર

નિયામકશ્રીની કચેરી, ઉદ્યોગ ભવન, બ્લોક નં. ૩, ૪, ૫, સેક્ટર-૧૧, ગાંધીનગર-૩૮૨૦૧૦

ફોન નં. ૨૩૨૫૦૫૯૦ ઈ-મેઈલ એડ્રેસ-dirne@gujarat.org

વૉક ઈન ઈન્ટર્વ્યુ મોકુફ રાખવા બાબત

(માહિતી/૭૨૬/૧૯-૨૦)

નિયામકશ્રી નિર્દિષ્ટ વિસ્તાર, જીઆઈડીસી, ઉદ્યોગભવન, ગાંધીનગરની કચેરીમાં ક્લાર્ક - કમ - ટાઈપીસ્ટ અને પટાવાળાની કરાર આધારિત માસિક નિયત કરેલ મહેનતાણાથી ૧૧ (અગિયાર) માસના કોન્ટ્રાક્ટ બેઈઝથી તદ્દન હંગામી ધોરણથી જગ્યા ભરવા માટે લાયકાત ધરાવતા ઉમેદવારોએ તા. ૫/૮/૨૦૧૯ના રોજ ૧૧:૦૦ કલાકે ઉપરોક્ત સ્તળે વોક ઈન ઈન્ટર્વ્યુ માટે ઉપસ્થિત રહેવાનું હતું.

સદર વૉક ઈન ઈન્ટર્વ્યુ ગુજરાતમાં પડેલ અતિભારે વરસાદના કારણે હાલ પુરતી મોકુફ રાખવાનો વિશાળ હિતમાં નિર્ણય કરવામાં આવેલ છે. જેની સંબંધિત ઉમેદવારોએ નોંધ લેવા વિનંતી છે. હવે પછી વૉક ઈન ઈન્ટર્વ્યુની નવી તારીખ નક્કી થયેથી જીઆઈડીસી (http://gidc.gujarat.gov.in/)ની વેબસાઈટ પર જાણ કરવામાં આવશે.

સહી/-
નિયામક (નિ.વિ.)
જીઆઈડીસી, ગાંધીનગર

માહિતી/૮૨૬/૧૯-૨૦

શ્રી નંદન કુરિયર દ્વારા રવિવારે પણ

રાખડી ડિલિવરી સર્વિસ ચાલુ રાખી આ રક્ષાબંધને બહેનોને આપશે ચિંતાથી 'આઝાદી'

આઝાદીના તહેવાર સાથે ભાઈ બહેનના પ્રેમના બંધનનો તહેવાર એવો રક્ષાબંધન ૧૫મી ઓગષ્ટે આવી રહ્યો છે ત્યારે આ રક્ષાબંધનના તહેવારે શ્રી નંદન કુરિયર લીમીટેડની ખાસ સેવાઓનો લાભ લઈને આઝાદીનો આનંદ માણવા માટે તૈયાર થઈ જાઓ. રક્ષાબંધનના તહેવાર સમયે બહેનોને પોતાના ભાઈને સમયસર રાખડી પહોંચાડવાની ચિંતા હોય છે ત્યારે આ રક્ષાબંધનને લઈને શ્રી નંદન કુરિયર દ્વારા તા. ૧૧-૮-૨૦૧૯ રવિવારે ગુજરાત અને મુંબઈની તમામ બ્રાંચોની ડિલિવરી ચાલુ રાખીને બહેનોને તેમની ચિંતાથી આઝાદી અપાવશે. વિશિષ્ટ સેવાઓ માટે તેમજ રક્ષાબંધનને ઓછા દિવસો બાકી છે ત્યારે ઈમરજન્સી સહિતના કોઈ પણ વધારાના ચાર્જ ગ્રાહક પાસેથી લેવામાં નહી આવે. રાબેતા મુજબના જે કુરીયર ચાર્જિસ છે તે જ ચાર્જિસથી કુરિયર સર્વિસ આપવામાં આવશે.

ગુજરાત સહિત દેશમાં ૭૫૦થી વધુ બ્રાંચો ધરાવતી નં. ૧ અને વિશ્વાસપાત્ર અને એકમાત્ર ગુજરાત બેઈજ લિમિટેડ કુરિયર કંપની શ્રી નંદન કુરિયર દ્વારા દર વર્ષે રક્ષાબંધન સમયે પોતાના ગ્રાહકોને ખાસ સેવાઓ આપવામાં આવે છે ત્યારે આ વર્ષે પણ શ્રી નંદન કુરિયર દ્વારા મિસકોલ સર્વિસ ચાલુ રાખવામાં આવી છે.

આ મિસકોલ સર્વિસમાં બહેન દ્વારા રાખડીનું બુકીંગ કર્યા બાદ કંપનીના નંબર ૮૧૪૧૩૩૬૬૬૬ પર મિસકોલ કરીને રાખડી ડિલિવરીનું લાઈવ સ્ટેટસ જાણી શકશે. આ ઉપરાંત ભાઈ-બહેનની ખુશીમાં ઉમેરો કરતા શ્રી નંદન કુરિયર દ્વારા આ વર્ષે ખાસ રાખી એસ.એમ.એસ. સેવા અને રાખી હેલ્પલાઈન ચાલુ રાખવામાં આવી છે. જેના દ્વારા ભાઈ-બહેનને રાખડીના કુરિયરમાં મળશે ખુબ જ મોટી સરળતા અને કોઈ મુશ્કેલી વગર ઘરબેઠા મોબાઈલમાં એસ.એમ.એસ.થી જ મળી જશે કુરિયર ડીલીવરીની જાણકારી.

રક્ષાબંધનના તહેવારની ખુશીઓ સાથે ભાઈ-બહેનના સંબંધની ગંભીરતા અને ચિંતાને બખુબી સમજતી શ્રી નંદન કુરિયર કંપની દ્વારા તેની અનેકવિધ નવિનતમ સેવા સાથે આ રક્ષાબંધનને લઈને ખાસ વ્યવસ્થા રખાઈ છે અને રક્ષાબંધનને લઈને તા. ૧૧-૮-૨૦૧૯ રવિવારે પણ ડિલિવરી સર્વિસ ચાલુ રખાશે. ઉપરાંત શ્રી નંદન કુરિયર લીમીટેડ દ્વારા કુરિયર કરનાર બહેનોને ખાસ શુભેચ્છા સાથેનું ડેકોરેટેડ કવર ફ્રી આપવામાં આવશે.

'નગર રત્ન્'

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

પનઘટ કલા કેન્દ્રના અધ્યક્ષ શ્રી ભાવિન પટેલ આ અવસરે સન્માનનો સ્વિકાર કરવા બદલ ચાર મહાનુભાવોનો આભાર માનતાં કહ્યું હતું કે, પનઘટ કલા કેન્દ્રને ગાંધીનગરે ઘણું માન-સન્માન આપ્યું છે. બદલામાં પનઘટ પોતાની સામાજિક નિસ્બત અને જવાબદારી સમજીને સાંસ્કૃતિકની સાથોસાથ સેવાકીય પ્રવૃત્તિઓ કરે છે. ગાંધીનગરના પ્રેમ સન્માન બદલ તેમણે આભારની લાગણી વ્યક્ત કરી હતી.

ગુજરાત રાજય સંગીત નાયક અકાદમીના સભ્યસચિવ શ્રી જ્યોતિષભાઈ એમ. ભટ્ટે પ્રાસંગિક ઉદ્‌બોધનમાં અકાદમીના પ્રવૃત્તિઓની જાણકારી આપીને રાજયમાં કયાંય પણ કલા-સાહિત્ય-સંગીત-નાયકની પ્રવૃત્તિઓને પ્રોત્સાહિત કરવાની અકાદમીની પ્રતિબદ્ધતા વ્યક્ત કરી હતી.

આ પ્રસંગે સંગીત નાયક અકાદમીના સહયોગથી કલકારોની વૈવિધ્યસભર પ્રસ્તુતિ યોજાઈ હતી. તબલા વાદક શ્રી બલવંતભાઈ સિંધાએ સોલો તબલા વાદન રજૂ કરીને પ્રેક્ષકોના મન મોહી લીધાં હતા. સુગમ સંગીત ગાયક શ્રી બિરેન પુરોહિતે જાણીતા ગીતો-ગઝલ રજૂ કરીને શ્રાવણી સાંજના માહોલને વધુ આહ્‌લાદક બનાવી દીધો હતો. શ્રી પિનાકીનભાઈ વ્યાસ અને તેમના વિદ્યાર્થીઓએ શાસ્ત્રીય રાગો પર આધારિત રચનાઓ અને સમૂહગાન પ્રસ્તુત કરીને વાતાવરણને વધુ શાસ્ત્રીય બનાવ્યું હતું તો અંતમાં લોકગાયક શ્રી ભિખુદાનભાઈ ગઢવીએ ચારણી છંદ-દુહાની રજૂઆતથી જમાવટ કરી હતી. પનઘટના કલાકારોએ શ્રી ભિખુદાનભાઈ ગઢવીના લોકગીતોના તાલે ગરબા રમીને વાતાવરણને મસ્તીથી ભરી દીધું હતું. મોડી રાત સુધી પ્રેક્ષકોએ મનભરીને આ કાર્યક્રમ માણ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું રસાળ શૈલીમાં શ્રી હિરેન ભટ્ટે સંચાલન કરીને વાતાવરણને જીવંત રાખ્યું હતું.

વરસાદી રમઝટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ફળીભૂત થવા પામી હતી. ગાજવીજ સાથે વરસેલા વરસાદી ઝાપટાંને પગલે શહેરના રાજમાર્ગો પાણીથી તરબતર થઈ જવા પામ્યાં હતા અને નગરજનોના મન આનંદિત થઈ ઉઠ્યા હતા. જોકે અચાનક વરસેલા આ વરસાદી ઝાપટાંને પગલે વાહનચાલકોને પરેશાનીનો ભોગ બનવું પડ્યું હતું પરંતુ એકંદરે શહેર માટે આ વરસાદ ખુશીનો સંદેશ લઈને જરૂર આવ્યો છે.

પેયજળ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

તે માટે ચલાવેલી ઝુંબેશને પગલે જ ગામોની સંખ્યામાં ઘટાડો થયાની વાત પણ ખૂણે ખાંચરે સાંભળવા મળે છે. અગાઉ આવા ગામોની સંખ્યા ૧૫૦થી વધુ હતી પરંતુ તેમાં ક્રમશઃ ઘટાડો જરૂર નોંધાયો છે જો કે આ ૬૮ ગામોની ગુણવત્તાએ જે પ્રશ્નો ઉભા કર્યા છે તે ચિંતાજનક છે. ખાસ કરીને ગાંધીનગર તાલુકામાં જ જે આંકડો આવ્યો છે તેનાથી તંત્રના અધિકારીઓ પણ ચોંકી ઉઠ્યા છે.

જગ્યા રદ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

દરજ્જો આપી સેવાઓના સઘનીકરણની વાતો પણ ફાઈલમાં દબાઈ જવા પામી છે. હાલ મનપાને આરોગ્ય સેવાઓ પુરેપુરી સોંપાઈ નથી પરંતુ ચાર અર્બન હેલ્થ સેન્ટરો ચલાવવામાં આવી રહ્યા છે.

ગાંધીનગર શહેર વાહકજન્ય રોગચાળા માટે સંવેદનશીલ ગણવામાં આવે છે. શહેરમાં કેન્સ્ટ્રકશન સાઈટ્સ ચાલુ છે તેમજ મચ્છરોની ઉત્પત્તિના કેન્દ્રો પણ સૌથી વધુ છે. ત્યારે આવી સંવેદનશીલ જગ્યા રદ થઈ ગઈ ત્યાં સુધી તંત્ર કેમ હરકતમાં આવ્યુ નહિ તેને લઈ લોકોમાં મુદ્દો ચર્ચાનો બન્યો છે.

આભ ફાટ્યું... ● અનુસંધાન પહેલાનું ચાલુ

અતિ ભારે વરસાદને પગલે ખંભાતાના સાલવા, જહાંગીરપુર, રબાડીવાડ, સાગર સોસાયટી, મોચીવાડ, બાવા બાજીસા સહિતના વિસ્તારોમાં કેડ સમા પાણી ભરાઈ ગયા હતા. ભારે વરસાદના પગલે નગરજનોને ઘરમાં પુરાઈ રહેવાનો વખત આવ્યો હતો. દોઢ માસમાં માત્ર ૮ ઈંચ વરસાદ નોંધાયો હતો, તેની સામે આજે બપોરે માત્ર ત્રણ કલાકમાં ૯ કલાકમાં સાડા તેર ઈંચ વરસાદ ખાબકતા સીઝનના વરસાદની ખોટ ભાગી નાંખી હતી. ખંભાત શહેરમાં છેલ્લા દોઢ માસ સુધી માત્ર છુટાછવાયા વરસાદી ઝાપટા પડતા હતા. ખેતી લાયક વરસાદ થતો ન હતો જેથી ઓલપાડમાં ભારે વરસાદના કારણે સેવા સદનમાં પાણી ઘુસી ગયાં હતા. તો બીજી તરફ નીચાણવાળા વિસ્તારો અને સ્કૂલોમાં પાણી ભરાઈ ગયાં હતા, જેના કારણે શાળા કોલેજોમાં રજા જાહેર કરી દેવામાં આવી હતી. ઓલપાડના સોંદલાખારા ગામની સરકારી શાળામાં કેડ સમા પાણી ઘુસી ગયાં હતા. બીજીબાજુ, માંગરોળમાં પણ ૧૨ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં સર્વત્ર પાણી ફરી વળ્યા હતા. ઉમરગામમાં પણ નવ ઈંચથી વધુ વરસાદ ખાબકતાં સર્વત્ર જળબંબાકાર બની ગયુ હતુ. તો, જિલ્લાના વાપીમાં ૨૪ કલાકમાં ૯ ઈંચ વરસાદ પડતા ઠેરઠેર પાણી ભરાયા હતા.

હમારા લક્ષ્ય TV LIVE વિશ્વ का कल्याण हो...
પવિત્ર શ્રાવણ માસમાં લક્ષ્ય ચેનલમાં લાઈવ....
ગાંધીનગર - પાટનગરના આંગણે
શિવકથા

શ્રી ભારતીબાપુ
કથા પ્રારંભ ૦૨/૦૮/૨૦૧૯, શુક્રવાર
કથા વિરામ ૦૮/૦૮/૨૦૧૯, ગુરૂવાર
કથા સમય : બપોરે ૩-૦૦ થી ૬-૩૦ કલાક સુધી
કથા વક્તા શ્રી ગોસ્વામી સંજયભારતી બાપુ (ગાંધીનગર)
કથા સ્થળ : શ્રી સોમનાથ મહાદેવ મંદિર, બ્રહ્મભવન, સેક્ટર-૧૬, ગાંધીનગર.
તમામ શિવ-ભક્તો માટે ભોજન પ્રસાદની વ્યવસ્થા કરેલ છે. (પાસ માટે સમય : ૨.૩૦ થી ૩.૦૦)
સૌજન્ય : શ્રીમતિ શાન્તાબેન રમેશભાઈ પટેલ પરિવાર - કેપીટલ ઓફસેટ, ગાંધીનગર.
સંપર્ક : કિરણ એસ. ગોસ્વામી સુંદર ધામ Mo. 8141217050, 9428595741 Mo 9374177184, 9327003940

ઉત્તર ગુજરાતમાં બીલ્ડર્સ, એન્જીનીયર્સ, કોન્ટ્રાક્ટર્સ, ગર્વ. કોન્ટ્રાક્ટર્સ, RMC પ્લાન્ટ પ્રિકાસ્ટ ટાઈલ્સ ઉદ્યોગ, તેમજ ૧૧૬ કાઉન્ટર સાથે વિશાળ નેટવર્ક ધરાવતી ફર્મ
UltraTech CEMENT The Engineer's Choice
FRIENDS STEEL ज़माने के लिऐ, ज़माने के साथ।

વડાગામ યુનીટ દ્વારા ઉત્પાદન
કપચી

બનાસ-પાટણ, સાબરમતી રેતી
રેતી સ્ટોકયાર્ડ
કૈલાસ ટ્રેડર્સ -ગાંધીનગર
દર્શન- ૯૯૯૮૪ ૭૩૨૦૦ | નીતેષ - ૯૮૯૮૭ ૬૧૮૪૫
હાર્દિક - ૯૦૩૩૮ ૨૩૭૦૫ | નીલાક્ષ - ૮૧૪૦૦ ૨૫૬૩૫